**શ્રી કે.પી.જાની, પ્રીસાઈડીંગ ઓફીસર, ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ, સુરત સમક્ષ. મુ.સુરત.**

**રેફરન્સ આઈ.ટી નં.૩૫/૨૦૧૬**

**આંક–૧૬**

ચીફ એન્જીનીયરશ્રી,
ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન,
ઉત્રાણ પાવર સ્ટેશન, ઉત્રાણ,
તા. ચોર્યાસી, જી. સુરત. ... ... ... **પ્રથમ પક્ષકાર**

**વિરુઘ્ઘ**

લીગલ સેક્રેટરી (શ્રી એ.જી. મિર્ઝા),
વિદ્યુત કામદાર સંઘ, જી.ઈ.બી. કોલોની,
ટાઈપ–ઈ, ૧૭/૧, ગાંધીનગર. ... ... ... **બીજા પક્ષકાર**

**પ્રતિનિધિત્વ :–**
**પ્રથમ પક્ષકાર તરફે : વિઘ્વાન વકીલ શ્રી નિલમબેન શાહ.**
**બીજા પક્ષકાર તરફે : વિઘ્વાન પ્રતિનિધિ શ્રી એ.જી. મિર્ઝા.**

**બાબત :– આંક–૧૩ લગત હુકમ.**

**–: હુકમ :–**

(૧) બીજા પક્ષકાર તરફે હાલની અરજી પ્રથમ પક્ષકારના કબજામાંથી દસ્તાવેજો રજુ કરાવવા અંગે દાખલ કરેલ છે.

અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામે પ્રથમ પક્ષકાર ઘ્વારા તા.૨૮/૭/૧૭ ના રોજ લેખિત જવાબ રજુ કરેલ છે અને આ જવાબના કથનોમાં સંબંધિત દસ્તાવેજો જારી કરેલ છે અને આવા દસ્તાવેજો પ્રથમ પક્ષકારના કબજામાં છે. આ દસ્તાવેજો હાલના રેફરન્સના ન્યાયી નિર્ણય માટે જરૂરી હોય નીચે મુજબના દસ્તાવેજો પ્રથમ પક્ષકાર રજુ કરે અથવા તે અનુસંધાને સોગંદનામું કરે તેવો હુકમ ફરમાવશો.

(૧) જવાબના પેરા–૧૨ માં ઉલ્લેખ કર્યા મુજબ શ્રી બી.એ. મોદીને તા.૬/૧૦/૯૩ ના રોજ સીનીયર ઈલેકટ્રીશીયનનો હુકમ આપ્યો હોય તેની નકલ અસલ સહ રજુ કરે.

(૨) સીનીયર ઈલેકટ્રીશીયનની પોસ્ટ રીક્રુટમેન્ટની પોસ્ટ હોય તે દર્શાવતા નિયમની નકલ.

(૩) જવાબના પેરા–૧૩ માં જણાવ્યા મુજબ પરિપત્ર નં.૫૭૯ મુજબ ૨.૫ નો લાભ શ્રી બી.એ. મોદીને આપ્યો હોય અને તેની નોંધ સર્વિસબુકમાં થયેલ હોય તે દર્શાવતા તા.૨૧/૧/૯૪ ના હુકમ તથા સર્વિસબુકની નોંધની નકલ અસલ સહ

(૪) શ્રી બી.એ. મોદીને તા.૬/૧૦/૯૩ ના રોજ પ્રમોશન ગણી કરવામાં આવેલ પે ફીકસેશનની નકલ.

(૫) જવાબના પેરા–૧૪ માં કરવામાં આવેલ સ્ટેટમેન્ટ કે ૨૫ રૂપિયા તેમના બેજીકમાં ઉમેરી રૂપિયા ૩ સ્પેશિયલ પર્સનલ પે તરીકે તા.૧/૧/૯૧ થી બહાર રાખવામાં આવેલ તે હુકમની નકલ અસલ સાથે.

(૬) જવાબના પેરા–૧૪/૧૬ માં ઉલ્લેખ કરેલ ઓડિટ પેરાની અસલ નકલ અને તે અનુસંધાન.

(૭) જવાબના પેરા–૧૬ માં જાહેર કર્યા મુજબ હુકમ નં.૭૫૩૮ મુજબ કરવામાં આવેલ પગારની વસૂલાત સંબંધે સંબંધિત કર્મચારીને આપવામાં આવેલ નોટીસ/મેમો/યાદીની નકલ અસલ સાથે.

(૨) પ્રથમ પક્ષકાર તરફે હાલની અરજીનો જવાબ આંક–૧૪ થી રજુ કરેલ છે. જેમાં મુખ્યત્વે એવી તકરાર લેવાયેલ છે કે, બીજા પક્ષકારને આવી અરજી આપવાનો અધિકાર નથી કે, અત્રેની કોર્ટને આવી અરજી સાંભળવાની અને નિર્ણય કરવાની સત્તા નથી. બીજા પક્ષકારે અરજીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજો રજુ કરાવવા અંગે સંબંધ દર્શાવતી એફીડેવિટ કરેલ ન હોય અરજી ૧૯૭૪ (૨) એલ.એલ.જે. ૧૫૬, મુંબઈ હાઈકોર્ટના ચુકાદા મુજબ બીજા પક્ષકારે અરજીમાં જણાવેલ દસ્તાવેજો હાલના કેસમાં કઈ રીતે સંબંધકર્તા કે અગત્યના છે તે દર્શાવેલ ન હોય અરજી ટકવાપાત્ર નથી. બીજા પક્ષકારે હાલની અરજી પ્રથમ પક્ષકારે હેરાન કરવાના તથા કેસ લંબાવવાના બદઈરાદે આપેલ છે. પ્રથમ પક્ષકારે જવાબમાં સત્ય હકીકતો સ્પષ્ટપણે જાહેર કરેલ છે. તે હકીકત જોતાં, બીજા પક્ષકારને આવા

દસ્તાવેજોની માંગણી કરવાનો અધિકાર નથી. વધુમાં કાયદાની જોગવાઈ જોતાં, બીજા પક્ષકારે માંગણાના નિવેદનમાં જણાવેલ તમામ હકીકતો પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. જયાં સુધી તેઓ આવી હકીકત પુરવાર ન કરે ત્યાં સુધી કોઈ દસ્તાવેજો પ્રથમ પક્ષકાર પાસે માંગવાનો અધિકાર નથી. અરજીમાં જણાવ્યા મુજબ જવાબમાં જણાવેલ દસ્તાવેજમાં પ્રથમ પક્ષકારે જારી કરેલ હોવાનું અને તે પ્રથમ પક્ષકારના કબજામાં હોવાનું બીજા પક્ષકારે પુરવાર કરવું જોઈએ. અનુક્રમ નં.૧ માં જણાવેલ સીનીયર ઈલેકટ્રીશીયનના નિમણૂંકની નકલ બીજા પક્ષકાર પાસે છે જ. અનુક્રમ નં.ર માં જણાવેલ જી.એસ.ઓ.ની નકલ બીજા પક્ષકાર પાસે છે જ. વળી, આ નિયમોનો સદર કેસ સાથે કોઈ સંબંધ નથી. અનુક્રમ નં.૩ માં જણાવેલ પરિપત્ર નં.૫૭૯ નો લાભ શ્રી બી.કે. મોદીને આપ્યો હોય તે અંગેનો પુરાવો બીજા પક્ષકાર પાસે જ છે. અનુક્રમ નં.૪ માં જણાવેલ શ્રી બી.એ. મોદીની તા.૬/૧૦/૯૩ ના રોજ પ્રમોશન ગણી કરવામાં આવેલ પે ફીકસેશન અંગે જણાવવાનું કે તે પ્રમોશન નહી પણ સીનીયર ઈલેકટ્રીશીયન તરીકે નિમણૂંક હતી. અનુક્રમ નં.૫ માં જણાવેલ હુકમ અસ્તિત્વમાં નથી પરંતુ સંબંધિત કામદારને પરિપત્ર નં.૫૭૯ નો લાભ આપવામાં આવેલ હતો. અનુક્રમ નં.૬ માં જણાવેલ ઓડિટપેરા જેવો કોઈ ઉલ્લેખ જવાબના પેરા–૧૪/૧૬ માં કરેલ નથી. જેથી આ અંગે સ્પષ્ટતા થયે વધુ જવાબ રજુ કરવાનો હકક અબાધિત રાખે છે. અનુક્રમ નં.૭ માં જણાવેલ નોટીસ/મેમો/યાદીની અસલ નકલ જે તે કર્મચારી પાસે જ હોય છે. જે તમામ હકીકતે અરજી ટકવાપાત્ર ન હોય રદ કરવા જણાવેલ છે.

(૩) બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિશ્રી એ.જી.મિર્ઝા તથા પ્રથમ પક્ષકાર તરફે વિ.વ. શ્રી નિલમબેન શાહને સાંભળ્યા.

(૪) બીજા પક્ષકાર તરફે એવી દલીલ થયેલ છે કે, પ્રથમ પક્ષકાર ધ્વારા રજુ થયેલ જવાબમાં જે તકરાર લીધેલ છે તે અંગે પ્રથમ પક્ષકારે કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી. વળી, આવા દસ્તાવેજો પ્રથમ પક્ષકારની કસ્ટડીમાં છે તેમજ હાલના રેફરન્સના ન્યાયી નિર્ણય માટે રજુ થવા જરૂરી છે. જેથી અરજી મંજુર કરવી જોઈએ.

જયારે પ્રથમ પક્ષકાર તરફે એવી દલીલ થયેલ છે કે, નામદાર બોમ્બે હાઈકોર્ટના ૧૯૭૪ (ર) એલ.એલ.જે. ૧૫૬ માં ઠરાવ્યા મુજબ પ્રોડકશન અરજીના સમર્થનમાં એફીડેવીટ હોવું જોઈએ. જયારે હાલની અરજીના સમર્થનમાં આવું કોઈ એફીડેવીટ રજુ થયેલ નથી. બીજા પક્ષકારે હાલની અરજીમાં જે દસ્તાવેજો માંગેલ છે તે ફીશીંગ ઈન્કવાયરી પ્રકારના છે. અરજીમાં જણાવેલ દસ્તાવેજો હાલના રેફરન્સના કામે શા માટે રજુ થવા જરૂરી છે ? તે દર્શાવેલ નથી. બીજા પક્ષકારે અરજીમાં અનુક્રમ નં.૧ થી માંગેલ દસ્તાવેજ તેની પાસે હોય જ. આવો દસ્તાવેજ નથી કે ખોવાઈ ગયેલ છે તેવું દર્શાવેલ નથી. અનુક્રમ નં.ર માં જણાવેલ ભરતીના નિયમો રેફરન્સની અનુસૂચિ સાથે સુસંગત નથી તેમજ કયા સમયના નિયમો છે તે સ્પષ્ટ દર્શાવેલ નથી. અનુક્રમ નં.૪ ની નકલ રજુ કરેલ છે. અનુક્રમ નં.૫ અને ૬ અંગેનો જવાબ રેકર્ડ પર છે. તેમણે તે સંબંધે આંક–૧૧ થી દસ્તાવેજો રજુ કરેલ છે. ઉપરોકત તમામ હકીકતે અરજી મંજુર થવા પાત્ર ન હોય રદ કરવી જોઈએ.

(૫) પક્ષકારોના પક્ષ નિવેદનો વંચાણે લેતાં, બીજા પક્ષકાર તરફે આંક–૮ થી રજુ કરેલ માંગણાના નિવેદનમાં સંબંધિત કર્મચારી શ્રી બી.એ. મોદી તા.રર/૧ર/૮ર ના રોજ હેલ્પર તરીકે હાજર થયેલાની, તા.ર૭/૧૧/૯ર ના રોજ પ્લાન્ટ ઓપરેટર ગ્રેડ–૪ માં પ્રમોશન આપવામાં આવેલાની તથા તા.૬/૧૦/૯૩ ના રોજ રૂા.૧ર૪૦/– ના ગ્રેડમાં સીનીયર ઈલેકટ્રીશીયનનું પ્રમોશન આપવામાં આવેલાની અને તા.૧ર/૮/૦ર ના પ્લાન્ટ ઓપરેટર ગ્રેડ–૧ માં પ્રમોશન આપેલાની રજુઆત છે. તેઓની મુખ્ય રજુઆત એવી છે કે, વહીવટી પરિપત્ર નં.૫૭૯ મુજબ ર.૫ % આપવાની તથા ત્યારબાદ મળવાપાત્ર હાયર ગ્રેડ / પ્રમોશનમાં પે ફીકસેશનની ગણતરીમાં લઈ નવું પગારધોરણ આપવાની જોગવાઈ હોવાનું તથા તેઓને સીનીયર ઈલેકટ્રીશીયનનું પ્રમોશન મળતા તા.૩૦/૧ર/૯૩ ના હુકમથી કરવામાં આવેલ ફીકસેશનમાં તા.૧૭/૧ર/૯૪ ના હુકમથી ખોટી રીતે મોડીફાઈ કરી પગાર ઘટાડેલાની તેમજ તા.૧૦/૧ર/૯૩ ના હુકમ મુજબ રૂા.૧૩૪૦/– ના પગારધોરણમાં પગાર ફીકસ થવાપાત્ર હોવાની રજુઆત છે. જયારે પ્રથમ પક્ષકાર તરફે આંક–૯ થી રજુ કરેલ જવાબમાં સંબંધિત કામદાર શ્રી મોદી તા.૧/૧/૯૧ ના રોજ હેલ્પર તરીકે નોકરી કરતાની, તેમને સરકયુલર નં.૫૭૯ નો લાભ આપેલાની, તા.ર૮/૧૧/૯ર ના રોજ પી.એ. ગ્રેડ–૪ રૂા.૯૩૦–૧૯૭૦ નું પ્રમોશન આપતા સરકયુલર નં.૫૬૪ મુજબ ઓપ્શન ફોમ ભરેલ હોય

તે મુજબ પગાર ફીકસ કરેલાની, તા.૧/૧૨/૯૨ ના રોજ તેમનું રેગ્યુલર ઈન્ક્રીમેન્ટ ઉમેરતા રૂા.૧૨૨૫/– ફીકસ થતા હોય તે સમયે સંબંધિત કામદારે સરકયુલર નં.૫૭૯ મુજબ સંમતિપત્ર રજુ ન કરતા પી.એ. ગ્રેડમાં રૂા.૧૨૪૦/– પગાર ફીકસ કરેલાનું તથા તા.૮/૧૦/૯૩ ના રોજ શ્રી મોદી સીનીયર ઈલેકટ્રીશીયન તરીકે રૂા.૧૨૪૦–૩૨૬૦ ના પગારધોરણમાં નિમણુંક પામતા તે મુજબ તા.૩૦/૧૨/૯૩ ના હુકમથી રૂા.૧૨૪૦–૩૨૬૦ ના પગારધોરણમાં રૂા.૧૩૪૦/– પગાર ફીકસ કરેલાનું પરંતુ આ બોનાફાઈડ ભૂલ ઓડીટ સમયે ઘ્યાનમાં આવતા તા.૧૭/૧૨/૯૪ થી રૂા.૧૨૯૦/– ઉપર ફીકસ કરતો મોડીફીકેશન ઓર્ડર કરેલાની અને આમ, તેમના પગારમાં ઘટાડો કરેલ ન હોવાનો બચાવ છે.

પક્ષકારોના પક્ષ નિવેદનથી સંબંધિત કામદાર શ્રી મોદી પ્રથમ પક્ષકાર સંસ્થામાં હેલ્પર તરીકે દાખલ થયેલાની, માહે નવેમ્બર–૯૨ માં પી.એ. ગ્રેડ–૪નું પ્રમોશન મળેલાની તથા તા.૬/૧૦/૯૩ થી સીનીયર ઈલેકટ્રીશીયન બન્યાની તકરાર નથી. પરંતુ શ્રી મોદીને સીનીયર ઈલેકટ્રીશીયન તરીકે પ્રમોશન મળેલ કે નિમણૂંક કરવામાં આવેલી તેમજ વહીવટી પરિપત્ર નં.૫૭૯ નો લાભ મળતા સીનીયર ઈલેકટ્રીશીયન તરીકે શું પગાર નકકી થવો જોઈએ તે તકરાર છે.

કેસનું રેકર્ડ વંચાણે લેતાં, બીજા પક્ષકાર તરફે અરજીમાં જણાવેલ અનુક્રમ નં.૧ તથા ૪ માં જણાવેલ તા.૬/૧૦/૯૩ નો હુકમ પ્રથમ પક્ષકાર તરફે માર્ક–૧૧/૪ થી રજુ કરેલ છે. વળી, પ્રથમ પક્ષકારનો સ્પષ્ટ બચાવ છે કે, તા.૬/૧૦/૯૩ ના હુકમથી સંબંધિત કામદારને પ્રમોશન નહી પરંતુ નિમણૂંક આપવામાં આવેલ હતી. બીજા પક્ષકારે અરજીમાં જણાવેલ અનુક્રમ નં.૩ તથા ૫ ના હુકમો બીજા પક્ષકાર તરફે માંગણાના નિવેદન સાથે રજુ થયેલ છે અને તેમાં માંગવામાં આવેલ ફીકસેશન દર્શાવેલ છે. અરજીમાં જણાવેલ અનુક્રમ નં.૨, ૬ તથા ૭ તે પ્રથમ પક્ષકારના બચાવ અનુસંધાને માંગવામાં આવેલ છે. એવીડન્સ એકટની સામાન્ય જોગવાઈઓ મુજબ જે તે પક્ષકારે તેમનું પક્ષ નિવેદન પુરવાર કરવાની જવાબદારી તેમની છે અને કોઈ પક્ષકાર પાસે બચાવ પુરવાર કરવાનો આધાર રજુ કરવાનો હુકમ કરી શકાય નહી.

આ કોર્ટના નમ્ર માનવા મુજબ જયારે બીજા પક્ષકાર એવો કેસ લઈને આવેલ હોય કે, પ્રથમ પક્ષકારના વહીવટી પરિપત્ર નં.૫૭૯ મુજબ તેમને લાભ મળવાપાત્ર હોવાનું તથા તા.૬/૧૦/૯૩ ના તેમને સીનીયર ઈલેકટ્રીશીયનનું પ્રમોશન મળતા તેમનો પગાર રૂા.૧૩૪૦/– ફીકસ થવા પાત્ર હતો. ત્યારે તે બાબત પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. પ્રથમ પક્ષકારે ઉપર જણાવ્યા મુજબ માંગણાના નિવેદનોની હકીકતોથી વિરુઘ્ધનો બચાવ લીધા બાદ તે બચાવ પુરવાર કરવા સંબંધે બચાવના સમર્થનમાં કોઈ દસ્તાવેજો રજુ કરવા કે કેમ ? તે પ્રથમ પક્ષકારનો વિષય છે તથા જે બચાવ લીધેલ છે તેના આધારો રજુ કરવા તેમને હુકમ કરી શકાય નહી. જયાં સુધી વહીવટી પરિપત્ર નં.૫૭૯ મુજબ ૨.૫ % નો લાભ મળવાની રજુઆતને સંબંધ છે ત્યાં સુધી બીજા પક્ષકાર તરફે આવો પરિપત્ર રજુ થયેલ છે તેમજ સંબંધિત કામદારના જુદી જુદી કેડરના હુકમો પણ બંને પક્ષકાર તરફે રજુ થયેલ છે અને તેમાં આ બાબતનો ઉલ્લેખ છે. બીજી રીતે જોઈએ તો, પક્ષકારો વચ્ચેની તકરાર અંગે રેફરન્સના ન્યાયી નિર્ણય માટે જરૂરી હોય અને તેવા કોઈ દસ્તાવેજો પ્રથમ પક્ષકારના કબજામાં હોય તેવા દસ્તાવેજોની હાલની અરજીમાં માંગણી કરવામાં આવેલ નથી.

ઉપરોકત તમામ ચર્ચા મુજબ હાલની અરજી મંજુર થવા પાત્ર ન હોય નીચે મુજબ હુકમ કરું છું.

**–:: હુકમ ::–**

(૧) બીજા પક્ષકારની આંક–૧૩ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) આ કામની હવે પછીની સુનાવણીની તા.૧૨/૭/૧૯ ના રોજની મુકરર કરવામાં આવે છે.

(૩) અરજીનાં સંજોગો જોતાં ખર્ચ આખરી પરિણામને અનુસરશે.

સ્થળ : સુરત
તારીખ : ૨૧–૦૬–૨૦૧૯

(કિરીટ પ્રભુલાલ જાની)
જી.જે.૦૦૫૦૩
ઔદ્યોગિક ન્યાયપંચ,
સુરત.